www.shaktitravels.com
નેશનલ અને ઈન્ટરનેશનલ એસ્કોર્ટેડ ટૂર
ટૂર ઓપરેટર્સ
ઈન્ડીવીડ્યૂઅલ પેકેજ
ઈન્સેન્ટીવ ગ્રુપ ટૂર
ક્રૂઝ હોલિડે
ટૂરીસ્ટ વીઝા આસીસ્ટન્ટ
એર ટીકીટ્સ
હોટેલ બુકિંગ
shakti™ TRAVELS
Your Journey Partner Since 1977
IATA
"શુકન" સ્વસ્તીક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. (ગુજરાત) ભારત.
ફોન: +91 79 26408888, 40218888
ફેક્સ : +91 79 40218800
Email : Inquiry_domestic@shaktitravels.com
inquiry_international@shaktitravels.com

લોકમિત્ર

२० જૂન २०१७
મંગળવાર

email: lokmitra1948@gmail.com

અમદાવાદ

વર્ષ ૧૫ ● અંક ૦૫૧ ● કિંમત : રૂા. ૧.૦૦ ● પાનાં : ૪ ● તંત્રી : ચુનીલાલ શાંતિલાલ ભટ્ટ ● RNI No.: GUJGUJ/2002/07443, ● ફોન નં. ૨૬૫૬૮૪૭૭, ૨૬૪૦૯૭૭૯

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

દલિત સમુદાયના રામનાથ કોવિંદના નામની અમિત શાહ દ્વારા જાહેરાત

રામનાથને એનડીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવા નિર્ણય

નરેન્દ્ર મોદી અને અમિત શાહે કોવિંદના નામની જાહેરાત કરીને હવે રાજકીય પંડિતોને ચોંકાવ્યા : દલિત ચહેરો હોવાથી વિરોધ થવાની સંભાવના નહીંવત

નવી દિલ્હી,એનડીએ તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કોણ રહેશે તેને લઈને છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો આજે અંત આવ્યો હતો. ભાજપે રાષ્ટ્રપતિ પદના ઉમેદવારના નામની આજે જાહેરાત કરી દીધી હતી. દલિત સમુદાય સાથે જોડાયેલા બિહારના રાજ્યપાલ રામનાથ કોવિંદને રાષ્ટ્રપતિ પદના ઉમેદરવા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. ભાજપ પ્રમુખ અમિત શાહ દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. અમિત શાહે કહ્યું હતું કે, કોવિંદના સંદર્ભમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને પણ માહિતી આપી દેવામાં આવી છે. શાહના કહેવા મુજબ પાર્ટીએ ગરીબ સમાજ સાથે સંબંધ ધરાવનાર વ્યક્તિને રાષ્ટ્રપતિ બનાવવાનો નિર્ણય કર્યો છે. કોવિંદના નામની જાહેરાત કરીને અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજકીય નિષ્ણાતોને ચોંકાવી દીધા છે. રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કોણ રહેશે તેને લઈને જે દાવેદારોના નામ સપાટી ઉપર આવી રહ્યા હતા તેમાં કોવિંદનું નામ કોઈ જગ્યા ન હતું. રાજકીય જાણકાર લોકો માની રહ્યા છે કે, દલિત ચહેરો હોવાના પરિણામ સ્વરુપે કોવિંદના નામ પર વિરોધ થવાની શક્યતા નહીંવત છે. કોવિંદ કાનપુરના નિવાસી છે. પહેલી ઓકટોબર ૧૯૪૫ના દિવસે કાનપુર દેહાતમાં તેમનો જન્મ થયો હતો. કાનપુર યુનિવર્સિટીમાંથી બીકોમ અને એલએલબીની ડિગ્રી હાસલ કરી ચુક્યા છે. જાણકાર લોકોના કહેવા મુજબ કોવિંદ પોતાના સમયમાં ખુબ જ હોશિયાર વિદ્યાર્થી રહ્યા હતા અને ભણવામાં તમામ વિદ્યાર્થીઓને પાછળ છોડી દેતા હતા. રામનાથ કોવિંદ ૧૯૭૧માં બાર કાઉન્સિલ ઓફ દિલ્હીમાં રજિસ્ટ્રાર થયા હતા. ત્યારબાદ કોવિંદે દિલ્હી હાઈકોર્ટમાં ૧૯૭૭-૭૯ સુધી વકીલાત કરી હતી. કોવિંદ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં ૧૬ વર્ષનો અનુભવ ધરાવે છે. દલિત સમુદાયના કોવિંદ ઉત્તર પ્રદેશમાંથી બે વખત રાજ્યસભાના સભ્ય રહ્યા છે. રામનાથ કોવિંદ ૧૯૭૭માં પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈના ખાસ કાર્યકારી અધિકારી રહી ચુક્યા છે. રામનાથ કોવિંદ ૧૯૯૪માં ઉત્તર પ્રદેશમાંથી પ્રથમ વખત રાજ્યસભામાં સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ૨૦૦૬ સુધી સાંસદ રહ્યા હતા. રામનાથ કોવિંદ ગૃહ મામલાઓની કમિટિ સહિત અનેક સંસદીય કમિટિઓમાં સામેલ રહ્યા છે. કોવિંદ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સાથે પણ સંબંધ ધરાવે છે. રામનાથ કોવિંદને બિહારના રાજ્યપાલ પણ એકાએક બનાવવામાં આવ્યા હતા. તે વખતે સત્તારુઢ જેડીયુ દ્વારા તેમનો વિરોધ કરાયો હતો. રામનાથ કોવિંદે સમાજના નબળા વર્ગ માટે ખુબ કામ કર્યું છે. તેઓએ અનુસૂચિત જાતિ અને જનજાતિની મહિલાઓને મફત કાયદાકીય સલાહો આપી છે. અમિત શાહે આજે જાહેરાત કરતા કહ્યું હતું કે, દલિત અને પછાત વર્ગ માટે કોવિંદ હમેશા સંઘર્ષ કરતા રહ્યા છે. શાહના કહેવા મુજબ વડાપ્રધાને પોતે સોનિયા ગાંધી સાથે વાતચીત કરી હતી. મનમોહનસિંહ સાથે પણ વાતચીત કરવામાં આવી ચુકી છે. તમામને નિર્ણય અંગે જાણ કરવામાં આવી ચુકી છે. અમિત શાહે સ્પષ્ટતા કરી હતી કે, ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારને લઈને હજુ કોઈ ચર્ચા થઈ નથી. અમિત શાહે કહ્યું હતું કે, સોનિયા ગાંધી અમને કહી ચુક્યા છે કે, તેઓ વાતચીત કરીને પોતાના નિર્ણય અંગે જણાવશે. બીજી બાજુ તેલંગાણના મુખ્યમંત્રી અને ટીઆરએસના વડા કેસી રાવે કોવિંદના નામને સમર્થન આપવાની જાહેરાત કરી દીધી છે.

મોદી અને અમિત શાહની વચ્ચે એકલામાં પણ ચર્ચા

નવી દિલ્હી,ભાજપે એનડીએ તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે રામનાથ કોવિંદના નામની જાહેરાત કરીને તમામને ચોંકાવી દીધા છે. આ અગાઉ રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને લઈને નામ નક્કી કરવા માટે પાટનગરમાં ભાજપ સંસદીય બોર્ડની બેઠક મળી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ અધ્યક્ષ અમિત શાહ સહિત તમામ મોટા નેતા આ બેઠકમાં હાજરી આપવા પહોંચ્યા હતા. બેઠકમાં સાંસદો અને ધારાસભ્યોને ઉપસ્થિત થવા માટે કહેવામાં આવ્યું હતું જેથી રાષ્ટ્રપતિ માટે નોમિનેશન પેપર્સ પર હસ્તાક્ષર કરી શકાય. અરજી દાખલ કરવાની પ્રક્રિયા સોમવારના દિવસે શરૂ થઈ હતી. આ મિટિંગ આશરે ૪૫ મિનિટ સુધી ચાલી હતી. મિટિંગ બાદ અમિત શાહ અને મોદીએ એકલામાં પણ બેઠક યોજી હતી. ત્યારબાદ કોવિંદના નામની જાહેરાત કરવામાં આવી હતી.

મીર વાઈઝ, પાકિસ્તાન જાવ ત્યાં સારા ચાઈનીઝ ફટાકડા મળશેઃ ગૌતમ ગંભીર

મીરવાઈઝે પાક.ને અભિનંદન પાઠવ્યાઃ ગંભીરે આપ્યો સણસણતો જવાબ

લંડન, લંડનના ઓવલમાં રમાયેલી ચેમ્પિયન ટ્રોફીના ફાઈનલ મુકાબલામાં ભારતની હારનો જશ્ન મનાવનાર જમ્મુ-કાશ્મીરના અલગતાવાદી નેતા મીરવાઈઝ ઉમર ફારૂકને ક્રિકેટર ગૌતમ ગંભીરે એક સલાહ આપી છે. ભારતની હાર પર કાશ્મીર ખીણમાં થયેલી આતશબાજીમાં મીરવાઈઝ સામેલ થયાની તસવીર જાહેર થતાં અને પાકિસ્તાનને અભિનંદન આપતાં તેમના ટ્વિટ બાદ ગૌતમ ગંભીરે ટ્વિટ કરીને મીરવાઈઝ સામે નિશાન તાકતા જણાવ્યું હતું કે, 'મીરવાઈઝ, તમને એક સલાહ છે, તમે બોર્ડર પાર કરીને કેમ જતા નથી ? ત્યાં (પાકિસ્તાન)માં તમને સારા ફટાકડા (ચાઈનીઝ) મળશે. ત્યાં જ તમારે ઈદ મનાવી લેવાની જરૂર છે. તમારો સામાન પેક કરવામાં હું તમને મદદ કરીશ.' ચેમ્પિયન ટ્રોફીની ફાઈનલમાં ભારત ૧૮૦ રને ભારતના પરાજય પર કાશ્મીર ખીણમાં ફટાકડા ફોડવામાં આવ્યા હતા અને મોટાપાયે આતશબાજી થઈ હતી. મીરવાઈઝ પણ આ આતશબાજી અને ભારતની હારનો ઉત્સવ મનાવવામાં જોડાયા હતા. ટીમ ઈન્ડિયાની હાર બાદ મીરવાઈઝના ઘરની સામે આતશબાજી થઈ હતી. પાકિસ્તાનના વિજય પર ફટાકડા ફોડી રહેલા કાશ્મીરના લોકોનું મીરવાઈઝે હાથ હલાવીને અભિવાદન કર્યું હતું અને ખુશી વ્યકત કરી હતી. મીરવાઈઝે ટ્વિટર પર લખેલા પોતાના સંદેશામાં જણાવ્યું હતું કે ચારે બાજુ આતશબાજી થઈ રહી હતી, એવું લાગે છે કે જાણે ઈદ આવી ગઈ છે. શ્રેષ્ઠ રમત રમીને પાકિસ્તાન ટીમે જીત હાંસલ કરી છે. પાકિસ્તાનની ટીમને અભિનંદન. પાકિસ્તાનની જીત બાદ જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં સીઆરપીએફ કેમ્પની અંદર પણ ફટાકડા ફેંકવામાં આવ્યા હતા.



ટીમ હારતા કાશ્મીરમાં ફટાકડા ફુટયાઃ જશ્નઃ ભારત વિરોધી નારા

અમદાવાદ, કાનપુર, હરીદ્વારમાં ક્રિકેટ ફેન્સનો ગુસ્સો આસમાનેઃપાકિસ્તાનના ઝંડા લેહરાયા, આતશબાજી થઈ અને ભારત વિરોધી નારેબાજીઃ ઠેર-ઠેર વિજય જુલુસ નીકળ્યા

નવી દિલ્હી : ચેમ્પીયન્સ ટ્રોફી ૨૦૧૭ના ફાઈનલમાં ભારતને પાકિસ્તાને હરાવી દીધુ તે પછી ભારતીય ફેન્સ શેરીઓમાં ઉતરી પડયા હતા અને પોતાનો ગુસ્સો અને દુઃખ વ્યકત કર્યુ હતુ. કેટલાક લોકો પોતાના ટીવી ફોડી નાખ્યા હતા તો કેટલાકે ભારતીય ખેલાડીઓના પોસ્ટર સળગાવ્યા હતા તો કેટલાક લોકોએ રસ્તાઓ ઉપર ઉતરીને ભારતીય ટીમ વિરૂધ્ધ નારેબાજી કરી હતી. મળતી માહિતી મુજબ કાનપુરમાં કોહલી, અશ્વિન, યુવરાજ ઉપરાંત ટીમના બાકીના અનેક ખેલાડીઓના પોસ્ટરો સળગાવાયા હતા. અમદાવાદમાં ટીવી તોડવામાં આવ્યા, ઉત્તરાખંડમાં પણ લોકોએ ટીવી ફોડયા હતા. મેચ હાર્યા બાદ રાંચીમાં ધોનીના ઘરની બહાર સુરક્ષા વધારી દેવામાં આવી હતી ત્યાં પથ્થરબાજીની આશંકા હતી તો બીજી તરફ જમ્મુ-કાશ્મીરમાં જશ્ન મનાવવામાં આવ્યો હતો. શ્રીનગરમાં ફટાકડા ફોડી ખુશી વ્યકત કરાઈ હતી. કાશ્મીરી મહિલાઓ પણ રસ્તા ઉપર ઉતરી પાકિસ્તાનના વિજય પર ગીતો ગાઈ ખુશી મનાવી હતી. કાશ્મીરમાં અનેક સ્થળે યુવકોએ સુરક્ષા દળો ઉપર ફટાકડા અને પથ્થરો ફેંકયા હતા. ઉપદ્રવ કરી રહેલી ભીડને વિખેરવા અશ્રુવાયુ છોડવામાં આવ્યા હતા. તે પછી પણ ઉપદ્રવ નહી અટકતા પેલેટ ગન છોડવામાં આવી હતી. આમા અડધો ડઝન લોકોને ઈજા થવા પામી હતી.ભારતીય બેટસમેનોની વિકેટ પડવાની સાથે જ ફટાકડા ફોડવાનો સીલસીલો શરૂ થયો હતો. શ્રીનગરના સેકીદફર ચોકમાં સીઆરપીએફ કેમ્પ તથા પોલીસ સ્ટેશનની અંદર યુવકોએ ફટાકડા ફેંકયા હતા. ફતેહકદલમાં સુરક્ષા દળો ઉપર ફટાકડા ફેંકવામાં આવ્યા હતા. કાશ્મીર યુનિ.ની ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થીનીઓ પાકિસ્તાનના વિજયને વધાવ્યો હતો. ખીણના તમામ જિલ્લામાં વિજય ઉપર ફટાકડા ફોડવામાં આવ્યા હતા. જમ્મુ, રાજૌરી, કિસ્તવાડ અને અન્ય વિસ્તારોમાં પણ આતશબાજી થઈ હતી.શ્રીનગરમાં યુવાનોએ ફટાકડા ફોડયા, પાકિસ્તાનના ઝંડા લહેરાવ્યા હતા અને ભારત વિરોધી નારા લગાવ્યા હતા. ત્રાલમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને પુરૂષો રસ્તા ઉપર ઉમટી પડયા હતા અને પાકિસ્તાનના વિજયનો જશ્ન મનાવ્યો હતો. ત્રાલના દરેક ગામમાં વિજયના જુલુસ કાઢવામાં આવ્યા હતા. સોપીયા અને કુલ ગામમાં ત્રાસવાદીઓએ હવાઈ ફાયરીગ કર્યુ હતુ. સોપોર, બારામુલ્લામાં પણ પાકિસ્તાનના વિજયને વધાવવામાં આવ્યો હતો.

અમદાવાદમાં પાલડી ખાતે કેટલાક યુવકો આવ્યા હતા અને ખેલાડીઓના દેખાવની નારાજગી વ્યકત કરી ટીવી તોડયા હતા. ભારતમાં અનેક જગ્યાએ ક્રિકેટના ફેન્સ નિરાશ અને નારાજ થયા હતા અને ગુસ્સો વ્યકત કર્યો હતો



દેશમાં ગૌહત્યા માટે મોદી સરકાર કાયદો લાવશેઃ સ્વામી

મુંબઈ : દેશભરમાં ગૌહત્યા રોકવા માટે નરેન્દ્ર મોદી સરકાર કાયદો લાવશે, તેમ ભાજપના નેતા સુબ્રમણિયમ સ્વામીએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે હાલમાંકોઈ કાયદો નથી, પરંતુ હજુ બે વર્ષ બાકી છે(૨૦૧૯ની લોકસભા ચૂંટણી આડે). કાયદો લાવવાનું સરકારની યાદીમાં જ છે અને સરકાર દેશભરમાં આ કાયદો અમલમાં મૂકશે.

સ્વામીએ પોતે રચેલા વિરાટ હિન્દુસ્તાન સંગમ નામની સંસ્થાના મુંબઈ ખાતેના કાર્યક્રમમાં તેમણ આમ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું તું કે ગાયનું રક્ષણ આપણી માનસિક સ્વતંત્રતાને દર્શાવે છે. આ ઉપરાંત ઘણા કારણો છે કે તેનું રક્ષણ થવું જોઈએ. ઈસ્કોન અને બોમ્બે સ્ટોક એકસચેન્જ દ્વારા આ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. ગૌશાળા બાંધવા કે ગાયનું રક્ષણ કરવા માટે ફંડની કોઈ કમી નથી, તેમ પણ તેમણે જણાવ્યું હતું. તેમણે ગૌરક્ષકોને સર્ટિફિકેટ દેવાની વાત કરી હતી.

તેઓ સમાજની બહુ મોટા સેવા કરી રહ્યા છે અને તેમનું રક્ષણ જરૂરી છે, તેમ પણ તેમમે જણાવ્યું હતું

જજો-વકીલોને ૧૦ કરોડની લાંચ આપી ગાયત્રી પ્રજાપતિ જામીન ઉપર છુટયા

ન્યાયપાલિકાની વિશ્વસનીયતા સામે સવાલઃ જામીન આપવા માટે જજોને બદલાવી નખાયાઃ તપાસ ચાલતી હોવા છતાં જામીન મળી ગયાઃ ૫ કરોડ વકીલને અને ૫ કરોડ જજને અપાયાનો ધડાકો

અલ્હાબાદ , ઉત્તરપ્રદેશના પુર્વ મંત્રી ગાયત્રી પ્રજાપતિને રેપના એક મામલામાં મળેલા જામીને વિવાદ ઉભો કર્યો છે. એક તપાસમાં સામે આવ્યુ છે કે, તેમને એક ષડયંત્ર રચીને જામીન આપવામાં આવ્યા છે જેમાં એક વરિષ્ઠ જજ પણ સામેલ છે. પ્રજાપતિને જામીન આપવા માટે ૧૦ કરોડ રૂપિયાની લેવડ-દેવડ થઈ હોવાનું બહાર આ?યુ છે. આ ચોંકાવનારો ખુલાસો અલ્હાબાદ હાઈકોર્ટની એક તપાસમાં થયો છે.અલ્હાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ દિલીપ બી. ભોસલેએ પ્રજાપતિને જામીન આપવાના મામલાની તપાસનો આદેશ આપ્યો છે. આ તપાસમાં સંવેદનશીલ મામલાની સુનાવણી કરતી અદાલતોમાં જજોની પોસ્ટીગમાં હાઈલેવલ કરપ્શનની વાત સામે આવી છે. આ પ્રકારની અદાલતો રેપ અને હત્યા જેવા જઘન્ય અપરાધોના મામલે સુનાવણી કરતી હોય છે.પોતાના રિપોર્ટમાં જસ્ટીસ ભોસલે કહ્યુ હતુ કે, એડીશ્નલ જિલ્લા અને સેશન્સ જજ ઓ.પી.મિશ્રાને ૭ એપ્રિલના રોજ નિવૃતિના ૩ સપ્તાહ પહેલા પોકસો જજના સ્વરૂપમાં તૈનાત કરાયા હતા. તેમણે જ ગાયત્રી પ્રજાપતિને ૨૫ એપ્રિલે રેપના મામલામાં જામીન આપ્યા હતા. મિશ્રાની નિયુકિત નિયમોને નેવે મુકી કરી અને પોતાના કામને એક વર્ષથી યોગ્ય રીતે કરતા એક જજને હટાવી તેમની નિમણુંક થઈ હતી.ઈન્ટેલીજન્સ બ્યુરોએ જજની પોકસો પોસ્ટીગમાં લાંચ-રૂશ્વતની વાત જણાવી છે. રિપોર્ટ અનુસાર ગાયત્રી પ્રજાપતિને ૧૦ કરોડ રૂપિયાના અવેજમાં જામીન આપવામાં આવ્યા હતા. આ રકમથી ૫ કરોડ રૂપિયા એવા ત્રણ વકીલોને આપવામાં આવ્યા હતા જેમણે વચેટીયાની ભુમિકા ભજવી હતી. બાકીના ૫ કરોડ રૂપિયા પોકસો જજ ઓ.પી.મિશ્રા અને તેમનુ પોસ્ટીંગ સંવેદનશીલ મામલાની સુનાવણી કરતી કોર્ટમાં કરનાર જિલ્લા જજ રાજેન્દ્રસિંહને આપવામાં આવ્યા હતા. જિલ્લા જજ રાજેન્દ્રસિંહની પુછપરછ થઈ ચુકી છે.પોતાના ગુપ્ત રિપોર્ટમાં જસ્ટીસ ભોસલેએ કહ્યુ છે કે ૧૮ જુલાઈ ૨૦૧૬ના રોજ પોકસો જજ સ્વરૂપે લક્ષ્મીકાંત રાઠોરની તૈનાતી થઈ હતી. તેઓ સારૂ કામ કરતા હતા. તેમને અચાનક હટાવી તેમના સ્થાને ૭ એપ્રિલ ૨૦૧૭ના રોજ મિશ્રાની જજ તરીકે નિમણુંક થઈ હતી. આ તૈનાતી પાછળ કોઈ યોગ્ય કારણ ન હતુ. મિશ્રાની નિવૃતિ આડે ૩ સપ્તાહ બાકી હતા ત્યારે તેમની નિમણુંક થઈ હતી.અખિલેશ સરકારમાં મંત્રી રહેલા ગાયત્રી પ્રજાપતિ વિરૂધ્ધ રેપના એક મામલામાં સુપ્રિમ કોર્ટની ફટકાર બાદ ઉત્તરપ્રદેશ પોલીસે ૧૭ ફેબ્રુઆરીએ એક એફઆઈઆર નોંધી હતી અને ૧૫ માર્ચે તેમની ધરપકડ કરી હતી. ૨૪ એપ્રિલે તેમણે જજ ઓ.પી.મિશ્રાની અદાલતમાં જામીન અરજી કરી અને મામલાની તપાસ ચાલુ હોવા છતાં તેમને જામીન આપી દેવાયા હતા.આઈબીએ પોતાના રિપોર્ટમાં ઓ.પી.મિશ્રાની પોકસો કોર્ટમાં પોસ્ટીગમાં ભ્રષ્ટાચારની વાત જણાવી છે. આ રિપોર્ટ બાદ યુપીમાં ન્યાયપાલિકામાં ટ્રાન્સફર અને પોસ્ટીગને લઈને સવાલ ઉઠવા શરૂ થઈ ગયા છે.

દરરોજ નવ વ્યક્તિના મોત પણ થઈ રહ્યા છે

સ્પીડ બ્રેકરના કારણે દરરોજ ૩૦ દુર્ઘટનાઓ થઈ રહી છે

નવી દિલ્હી,ભારતમાં સ્પીડ બ્રેકરના કારણે એટલી જાન બચતી નથી જેટલા મોત થઈ જાય છે. આ અંગેની ચોંકાવનારી અને ચિંતાજનક વિગત સપાટી પર આવી છે. માર્ગ પરિવહન મંત્રાલયના આંકડાથી જાણવા મળ્યુ છે કે સ્પીડના કારણે દુર્ઘટનાથી બચવા માટે બનાવવામાં આવેલા સ્પીડ બ્રેકરના કારણે જ દેશમાં દરરોજ ૩૦ દુર્ઘટના થાય છે. સાથે સાથે નવ લોકોના મોત થાય છે. આ બે વર્ષના સરેરાશ આંકડા છે. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૪થી સ્પીડ બ્રેકરના કારણે થનાર અકસ્માતોના આંકડા એકઠા કરવાની શરૂઆત કરી હતી. ગયા વર્ષના ડેટા સરકારે હજુ સુધી જારી કર્યા નથી. પરંતુ સરકારી સુત્રોએ કહ્યુ છે કે આંકડા બરોબર જ રહેનાર છે. સ્પીડ બ્રેકરના કારણે એકલા ભારતમાં જેટલા લોકોના મોત થાય છે તેના કરતા બ્રિટન અને ઓસ્ટ્રેલિયામાં વધારે લોકોના મોત થાય છે. ઓસ્ટ્રેલિયામાં વર્ષ ૨૦૧૫માં માર્ગ દુર્ઘટનામાં ૨૯૩૭ લોકોના મોત થયા હતા અને બ્રિટનમાં ૩૪૦૯ લોકોના મોત થયા હતા.

સ્પીડ બ્રેકરના કારણે ભારતમાં અકસ્માતો વધારે થઈ રહ્યા છે. કન્દ્રિય માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરીએ કબુલાત કરી છે કે આ સમસ્યા દેશભરમાં છે. અમારા દેશમાં દરેક રસ્તા પરસ્પીડ બ્રેકર છે. જે આપના હાડકા તોડી શકે છે. સાથે સાથે આપના વાહનને નુકસાન કરી શકે છે. તેમણે વાતચીતમાં કહ્યુ હતુ કે તેઓ ખાતરી કરશે કે સ્પીડ બ્રેકર બનાવતી વેળા નિયમોને પાળવામાં આવે તે જરૂરી છે.

ગડકરીએ કહ્યુ હતુ કે મંત્રાલય આ બાબતની ખાતરી કરશે કે સ્પીડ બ્રેકર વિચારણા કરીને ક નિશ્ચિત જગ્યાએ જ બનાવવામાં આવે.

ગોમતી રિવરફ્રન્ટ પરિયોજનાની સીબીઆઈ તપાસ થશેઃ યોગીનો નિર્ણય

ખન્ના સમિતિની ભલામણનો સ્વીકાર કરતાની સાથે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી આદિત્યનાથ યોગીએ ગોમતી રિવરફ્રન્ટ પરિયોજનાની સીબીઆઈ તપાસ કરાવવાનો નિર્ણય કર્યો : જ્યારે સમિતિએ કેટલાક ઓફિસરો અને એન્જીનિયરોને અનિયમિતતાના આરોપી માનતા તેના પર કાર્યવાહીની ભલામણ કરી છે

'ગ્રીન હાઉસ'ને પ્રોત્સાહન આપશે મોદી સરકારઃ સસ્તી લોન - ઓછી રજીસ્ટ્રેશન ફીની સુવિધા

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર પર્યાવરણના યોગ્ય ઘરો 'ગ્રીન હાઉસ'ને પ્રોત્સાહન આપવાની દિશામાં ગંભીરતાથી વિચારી રહ્યું છે. ગ્રીન હાઉસિંગ સોસાયટી ડેવલોપ કરવા માટે સરકાર સસ્તી લોન અને ઓછી રજીસ્ટ્રેશન ફી જેવી સુવિધાઓ આપશે. કલાઈમેન્ટ ચેન્જ સાથે લડવાની દિશામાં કેન્દ્ર આ પ્રકારની રહેણાંક કોલોનીઓ વિકસીત કરવાની દિશામાં વિચારી રહી છે. ઉલ્લેખનીય છે કે ગ્રીન હાઉસ તે ઘર છે જે પર્યાવરણને ધ્યાનમાં રાખીને વિકસીત કરવામાં આવે છે તેમાં પર્યાવરણની દ્રષ્ટિએ એનર્જી, જળસંસાધન અને બિલ્ડીંગ મટીરીયલ્સનો પ્રભાવશાહી ઉપયોગ કરવામાં આવે છે.

સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ ગ્રીન હાઉસને પ્રોત્સાહન આપવા માટે જ તેના સાથે જોડાયેલા કાયદા એટલે કે એનર્જી કન્ઝર્વેશન બિલ્ડીંગ કોડ ઓફ રેસીડેન્સીયલ સેકટર તૈયાર કરવામાં આવ્યો છે. આ નિયમ ૨૦૦૭માં સરકારી અને કોમર્શિયલ બિલ્ડીગ સાથે જોડાયેલ કોડ હેઠળ છે. ઉર્જા મંત્રી પિયુષ ગોયલ આ કાયદો રજુ કરી શકે છે. તેનાથી ભારતીય રીયાલીટી સેકટરમાં ઈકો ફ્રેન્ડલી નિર્માણની દિશામાં ઐતિહાસિક પગલુ માનવામાં આવી રહ્યું છે.

દિલ્હીઃ CBIએ સત્યેન્દ્ર જૈનની પત્નીની મની લોન્ડ્રીંગ કેસમાં કરી પૂછપરછ

નવી દિલ્હી : આમ આદમી પાર્ટીમાં હાંકી કાઢવામાં ધારાસભ્ય કપિલ મિશ્રાએ કેજરીવાલ અને તેની ટીમ પર મૂકેલા ભ્રષ્ટાચારના આરોપો બાદ સીબીઆઈ હરકતમાં આવી છે.ગત સપ્તાહે મનીષ સિસોદિયના ઘરે એક કેસમાં પૂછપરછ માટે ગયેલી સીબીઆઈની ટીમ આજે આમ આદમી પાર્ટીના આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનના ઘરે પહોંચી હતી.

સત્યેન્દ્ર જૈનની પત્નીનું મની લોન્ડ્રિંગમાં નામ સામે આવ્યા બાદ તેણે સીબીઆઈ સમક્ષ હાજર રહેવા અસમર્થતા બતાવ્યા બાદ પૂછપરછ માટે સીબીઆઈ ટીમ તેના ઘરે પહોંચી છે.

જાહેર નોટીસ

ICICI Bank
ICICI Bank Limited
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ, આઈસીઆઈસી બેંક ટાવર, ચકલી સર્કલ પાસે, જુના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૦૭.
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ-૪૦૦૦૫૧.
બ્રાંચ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક લી., નં. ૪/૧૦, મૈત્રી ટાવર, હોસુર રોડ બોમ્મનાહઅલી, બેંગ્લોર-૫૬૦૦૬૮

નીચે જણાવેલ કરજદારો કે જે બાકી નીકળતી મૂળ રકમ અને વ્યાજ કે જે લોન તરીકે તેમણે સલામત દેવાદાર તરીકે લીધી છે તેઓને ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આ લોન લીધેલી હતી ને હવે લોન નોન પર્ફોર્મીંગ એસેટ (એનપીએ)ના વર્ગમાં લઈ જવામા આવે છે. સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સિયલ એસેટ એન્ડ ઇનફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) મુજબ તેમના દ્વારા અમને છેલ્લે જણાયેલા સરનામા ઉપર નોટીસ આપી હતી. તે નોટીસ બજાવ્યા વગર પરત આવી છે અને તે હવે અહી જાહેર નોટીસ દ્વારા માહિતગાર કરવામાં આવે છે.

ક્રમ નં.	કરજદાર/સહ-કરજદાર/ જામીનદારનું (લોન એકાઉન્ટ નંબર) નામ અને સરનામુ	જામીનમાં મુકેલ મિલ્કત/અમલમાં આવનારી મિલ્કત	નોટીસ આપ્યાની તારીખ/ નોટીસની તારીખે બાકી રકમ	એનપીએ તારીખ
1.	લાલજીભાઈ જેઠાભાઈ શંકર / વિવેક એલ શંકર- ફ્લેટ નં. એ -૧૦૨, પહેલો માળ, બ્લોક એ, ક્રિષ્ણા રેસીડેન્સી, એ. નં. ૧૮૬ થી ૧૮૭, ૧૮૭/૨, ટીપીએસ નં. ૪૯, કતારગામ, સુરત-૩૯૫૦૦૪ / LBSUR00002049121 / LBSUR00002049119	ફ્લેટ નં. એ-૧૦૨, પહેલો માળ, બ્લોક એ, ક્રિષ્ણા રેસીડેન્સી, એસ. નં. ૧૮૬ થી ૧૮૭, ૧૯૭/૨, ટીપીએસ નં. ૪૯, કતારગામ, સુરત-૩૯૫૦૦૪.	૬ મે, ૨૦૧૭ રૂા. ૩૧,૯૯,૦૨૯.૦૦/-	૦૨/૨૮/ ૨૦૧૭

નોટીસમાં દર્શાવ્યા પ્રમાણેની વધારાની સેવાના અનુસંધાનમાં આ પગલુ લેવાયું છે. ઉપરોક્ત કરજદારો અને તેમના જામીનદારો (જેને લાગુ પડતુ હોય તે) તેમને આપેલી નોટીસમાં તાકીદ કરવામાં આવે છે કે આ નોટીસ પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસની અંદર બાકી નિકળતા નાણા ભરી જાય અને તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો સિક્યુરાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સિયલ એસેટ એન્ડ ઇનફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ની જોગવાઈ હેઠળ આપેલી નોટીસમાં મુજબ ૬૦ દિવસની મુદ્દત પુરી થયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૦-૦૬-૨૦૧૭
સ્થળ : ગુજરાત

સહી/-, ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ વતી

રેલ મંત્રી તથા ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા લીલી ઝંડી બતાવીને મહાત્મા ગાંધી દર્શન પર્યટન ટ્રેન (આસ્થા સ્પેશિયલ) નો શુભારંભ

AASTHA CIRCUIT SPECIAL TRAIN

માનનીય રેલ મંત્રી સુરેશ પ્રભુ દ્વારા મુંબઈ થી વિડીયો કાન્ફરેન્સીંગના માધ્યમ થી તથા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી શઅરી વિજયભાઈ રૂપાણી દ્વારા સાબરમતી રેલવે સ્ટેશન થી તા. ૧૭ જૂન ૨૦૧૭ ના રોજ મહાત્મા ગાંધી પર્યટન ટ્રેન (આસ્થા સ્પેશિયલ) ને લીલી ઝઁડી બતાવીને રવાના કરવામાં આવી.

આ પ્રસંગે માનનીય રેલ મંત્રી એ જણાવ્યું હતું કે અમારા રાષ્ટ્ર માટે ગર્વની વાત છે કે ઇંડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝ્મ કોર્પોરેશન લિ. તથા ટુરિઝ્મ કોર્પોરેશન ઓફ ગુજરાતે સાબરમતી આશ્રમ અને ચંપારણ સત્યાગ્રહ ની શતાબ્દી ના પવિત્ર અવસરે આસ્થા સ્પેશિયલ ટ્રએન ચલાવવાની યોજના બનાવી છે. સાબરમતી સ્ટેશન પર ગુજરાતના માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ એ ઉદઘાટન સમારંભને સંબોધન કરુયં. આ પ્રસંગે અનેક જાણીતી વ્યક્તિઓ પણ ઉપસ્થિત રહી હતી. મુંબઈના બાંદ્રા (પશ્ચિમ) સ્થિત રેલવે અધિકારી કલબમાં પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક એ.કે. ગુપ્તા એ માનનીય રેલ મંત્રીનું સ્વાગત કર્યુ. આ પ્રસંગે મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના રેલ પ્રબંધક મુકુલ જેન તથા પશ્ચિમ રેલવેના વરિષ્ઠ રેલ અધિકારી પણ ઉપસ્થિત હતા.

ભોગવટો કાયદેસર કરવાની મુદત વધારાઈ ૧૫ ઓગષ્ટ-૨૦૧૭ સુધી અરજી કરી શકાશે

શહેરી જમીન ટોચમર્યાદા કાયદા અંતર્ગત વધારાની ફાજલ જાહેર કરેલ અને રાજય સરકાર સમક્ષ સંપ્રાપ્ત થયેલ જમીનો પૈકીની ચોક્કસ જમીનોનો ભોગવટો કાયદેસર કરવાની મુદત વધારવામાં આવી છે. હવે ૧૫મી ઓગષ્ટ-૨૦૧૭ સુધી ભોગવટેદારો અરજી કરી શકશે, એમ મહેસૂલ વિભાગની યાદીમાં જણાવાયું છે.

પ્લેગૃપ/ નર્સરી બાળકોના હિતાર્થે સંસ્થાએ માહિતી રાખવીઃક્ક

સૂરતઃ પ્લેગૃપ, નર્સરી, શાળાઓમાંથી અપહરણ જેવા બનતા બનાવો સામે આગમચેતીરૂપે શહેરના પોલીસ કમિશનરશ્રી સતીશ શર્માએ એક જાહેરનામાનું બહાર પાડયું છે. જે અંતર્ગત સંસ્થાઓએ પોતાની પાસે જરૂરી વિગતો રાખવાની સૂચના આપી છે. ૧૨ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરના બાળકો શાળામાં સમય પૂરો થયા બાદ જે વાહનમાં જતા હોય તેની વિગતો રાખવાની રહેશે. ભાડેના વાહનો ઓટોરીક્ષા, મીનીબસ, મારૂતિવાન જેવા વાહનો માટે આ મુજબ માહિતી રાખવાની રહેશે.

કોઇ નિયત પ્રાઈવેટ વાહન અથવા તો ખાનગી માણસ સાથે આવવા- જવાના કિસ્સામાં વાલીની સંમતિથી લઇ જનાર વ્યકિતની વિગતો સંસ્થાએ રેર્કોડ પર રાખવાની રહેશે. સ્કુલના વાહનો જેવા કે બસ, મેટાડોરના કિસ્સામાં પણ સ્કુલના શિક્ષક અથવા તો જવાબદાર વ્યકિત એ બાળકના માતા પિતા કે અધિકૃત માણસને બાળક સોંપવો. નિયત નમુનામાં માહિતી રાખવાની રહેશે.

આ રેકર્ડ ગમે ત્યારે પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારી તેમજ ઉપલા અધિકારી ચકાસી શકશે. પોલીસ અધિકારીથી માંગણી થયેલ સ્કુલ તરફથી રજુ કરવાની રહેશે. શાળાએ નિયત શિક્ષકની સીધી દેખરેખ હેઠળ બાળકને અધિકૃત વ્યકિતને સોંપવાના રહેશે. બાળકોના વાલી આવી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં ખાનગી માણસને બાળક સોંપવામાં આવે ત્યારે તે અધિકૃતને ખાતરી કરી બાળક સોંપવું અધિકૃત વ્યકિત ન તેડવા આવે તો અન્ય કોઇ વ્યકિતની શિક્ષકે ખાતરી કર્યા બાદ જ બાળકોનો કબજો સોંપવો. જેની માહિતી નિયત નમૂનામાં રાખવાની રહેશે.

આ વ્યવસ્થાના અમલ માટે અમુક શાળાઓમાં બાળકોને બે ઓળખકાર્ડ ફોટા સાથે આપે છે. જેમાં એક બાળક પાસે અને એક લેવા આવનાર પાસે રાખે છે. જે કિસ્સામાં બાળકના વાલીઓ/ગાર્ડીયન એવું ઇચ્છતા હોય કે તેમનું સંતાન ૮ થી ૧૨ વર્ષનું છે. અને પોતાની રીતે સંસ્થામાં આવશે જશે તો તેઓની જવાબદારી રહેશે. જેની બાંયધરી આપવાની રહેશે. બાંયધરી શાળાએ રેકર્ડ પર રાખવાની રહેશે. આ જાહરનામાનો અમલ તા.૧૩/૦૮/૨૦૧૭ સુધી રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

સોનગઢના ખગોલગામ ખાતે રૂા. ૨.૯૭ કરોડના ખર્ચે બનનારના બ્રિજનું ખાતમુહૂર્ત કરાયું

વ્યારાઃ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ખગોલગામ ખાતે રાજયના આદિજાતિ વિકાસ, વન અને પ્રવાસન મંત્રી અને તાપી જિલ્લાના પ્રભારી મંત્રી ગણપતસિંહ વસાવાના હસ્તે ઝાંખરી નદી પર રૂા. ૨.૯૭ કરોડના ખર્ચે બનનારા માઇનોર બ્રિજનું ખાતમુહૂર્ત કરાયું હતું.

તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં આવેલા ખગોલગામેથી પસાર થતી ઝાંખરી નદી પર બનાનારા આ બ્રિજથી આજુબાજુના ૧૪ ગામોને લાભ થશે. ૧૨ મીટર લાંબા અને ૮ મીટર પહોળા ૮ ગાળાનો પાઇલ ફાઉન્ડેશન, પાઇલ કેપ, પીયર, પીયર કેપ આર.સી.સી સ્લેબનો એપ્રોચ રોડ સાથેનો બ્રિજ બનવાથી આજુબાજુના ગામોને ડાંગના બરડીપાડા ગામથી ફરીને સોનગઢ જવાનું ટળી જશે.

ખાતમુહૂર્તના કાર્યક્રમ દરમિયાન પ્રભારી મંત્રી ગણપતસિંહ વસાવાએ રાજય સરકારની વિકાસગાથાનો વિગતે ચિતાર રજૂ કરી રાજય સરકાર દ્વારા આદિજાતિ સમાજના વિકાસ માટે લેવામાં આવી રહેલા અનેકવિધ પગલાઓની પણ જાણકારી આપી હતી. વધુમાં તેમણે રાજય સરકારે આદિજાતિ વિસ્તારનો એકપણ તાલુકો પીવાના અને સિંચાઇના પાણીથી વંચિત નહિં રહે એવું આયોજન કર્યું હોવાનું જણાવ્યું હતું.

માજી મંત્રી અને નિઝરના ધારાસભ્ય કાંતિભાઇ ગામીતે આદિજાતિઓના વિકાસ માટે સરકાર કટિબદ્ધ હોવાનું જણાવી સોનગઢ તાલુકામાં થઇ રહેલા વિકાસ કામો અને મંજુર થયેલા વિકાસ કામો અંગે વિગતવાર જાણકારી આપી હતી.

કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ બી.આર.સી કાંતિભાઇ ગામીતે કર્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા કલેકટર એન.કે ડામોર, જિલ્લા વિકાસ અધિકારી મનોજભાઇ દક્ષિણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આઇ.જે માલી, કાર્યપાલક ઇજનેર ચૌધરી, યોજના સહ તાલુકા વિકાસ અધિકારી સી.વી લટા, મામલતદાર એમ.આર વસાવા, નાયબ કાર્યપાલક ઇજનેર ઉત્તમભાઇ ચૌધરી, મદદનીશ ઇજનેર પંડ્યા, ગામના સરપંચ રીટાબેન અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

વિદેશીઓને મિલકત ભાડે આપો તો ૨૪ કલાકમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવી

સૂરતઃ સુરત શહેરના પોલીસ કમિશનરશ્રી સતીશ શર્માએ એક જાહેરનામા દ્વારા પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર શહેરી વિસ્તારમાં આવેલા મકાન, હોટલ, લોજ, બોર્ડીગ કે ગેસ્ટ હાઉસોમાં બહારના રાજય કે દેશ બહારથી આવતા વિદેશીઓને માલિકો ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાનો હુકમ કર્યો છે. જે અંતર્ગત હોટલ, લોજ કે બોર્ડીગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઈલ કોપી સહીતની લેવી. વિદેશી નાગરિક તરીકે નોધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવીને રેકર્ડમાં રાખવી. વિદેશી વિઝીટરનું બુકીગ કરાવનારના નામ,સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા. સુરત શહેરમાં કઇ જગ્યાએ કયા કામ માટે કોને કોને મળવાના છે? કેટલો સમય રોકાવાના છે? તેની સંપૂર્ણ વિગત મેળવવી. કોઇ પણ મુસાફરની શંકાસ્પદ હિલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી. માલિકોએ સી.સી. ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને તેનું રેકોર્ડીગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે. આવા ગેસ્ટ હાઉસમાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોધવાનો રહેશે. જે પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ તથા તેના મોબાઈલ નંબર રજીસ્ટરમાં નોધ કરવાની રહેશે. આ જાહેરનામું તા.૧૦/૦૮/૨૦૧૭ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લધન કરનાર શિક્ષાને પાત્ર થશે.

આઈડીબીઆઈ બેંકએ 'વિનિંગ્સ' રુપે સીલેક્ટ ક્રેડિટ કાર્ડ લોંચ કર્યું

મુંબઈ, આઇડીબીઆઇ બેંકએ 'વિનિંગ્સ' રુપે સિલેક્ટ ક્રેડિટ કાર્ડ લોંચ કરવાની જાહેરાત કરી હતી, જે ટ્રાવેલ, શોપિંગ અને ડાઇનિંગ સુવિધાઓની રેન્જ ઓફર કરે છે તથા દરેક ખર્ચ પર રિવોર્ડ પોઇન્ટ મેળવવા સક્ષમ પણ બનાવે છે. ક્રેડિટ કાર્ડ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એનપીસીઆઇ) સાથે જોડાણમાં લોંચ કરવામાં આવ્યું છે. આ પ્રોડક્ટ વિઝા અને માસ્ટરકાર્ડ દ્વારા ઓફર થતાં આંતરરાષ્ટ્રીય ક્રેડિટ કાર્ડ જેવા છે.

'વિનિંગ્સ' રુપે સિલેક્ટ ક્રેડિટ કાર્ડ પ્રીમિયમ ક્રેડિટ કાર્ડ વેરિઅન્ટ છે અને ઇન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડનાં નેટવર્કનાં પ્રીમિયમ કાર્ડનાં વેરિઅન્ટને સમકક્ષ છે, જે વિઝા સિગ્નેચર અને માસ્ટરકાર્ડ વર્લ્ડ છે.

ડિજિટલ પેમેન્ટ્સ પર ભાર મૂકવાની સાથે અને લેસ-કેશ સોસાયટીનાં વિસ્તૃત ઉદ્દેશ સાથે આઇડીબીઆઇ બેંક 'વિનિંગ્સ' રુપે સિલેક્ટ ક્રેડિટ કાર્ડ લોંચ કર્યું છે. આ ક્રેડિટ કાર્ડનાં મુખ્ય લાભ ઉચ્ચ સ્તરીય સ્વીકાર્યતા અને રુબે બ્રાન્ડની તાકાત છે – જે તમામ ઉત્પાદનનો અનુભવ વધારવામાં પ્રદાન કરશે.

આઇડીબીઆઇ બેંક અત્યારે ક્રેડિટ કાર્ડનાં ચાર વેરિઅન્ટ ધરાવે છે એટલે કે 'રોયલ' સિગ્નેચર ક્રેડિટ કાર્ડ, 'એસ્પાયર' પ્લેટિનમ ક્રેડિટ કાર્ડ, 'યુફોરિયા' વર્લ્ડ ક્રેડિટ કાર્ડ અને 'ઇમ્પેરિયમ' સીક્યોર્ડ પ્લેટિનમ ક્રેડિટ કાર્ડ. (૧)

કેદ્ર સરકાર દ્વારા 'શોટ'ને સ્ટાર્ટઅપ માટેસિર્ટીફીકેટ ઓફ રીકોગ્નાઈઝેશન એનાયત કરાયું

FORMULA 1
ARCADE GAMES
SHOT
RUMBLE
GOALIE GUACAMOLIE
EAT PLAY

અમદાવાદ, ગુજરાતનું સૌપ્રથમ ફુલ્લી એન્ટરટેઇન્મેન્ટ સેન્ટરશોટને કેન્દ્ર સરકારના કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ઓફઈન્ડસ્ટ્રીયલ પ્રમોશન એન્ડ પોલીસી દ્વારા સ્ટાર્ટઅપ તરીકે પ્રમાણિત કરી સર્ટિફિકેટ ઓફરીકોગ્નાઈઝેશન એનાયત કરવામાં આવ્યું.

અત્રે ઉલ્લેખનીય છે કે રસપ્રદ આકર્ષક ગેમ્સ અને સ્વાદિષ્ટ વાનગીઓ પીરસતી શોટ ફેમિલી એન્ટરટેઈનમેન્ટસેન્ટર ૨ વર્ષના નાના ભુલકાઓથી માંડીને ૭૫ વર્ષના વડીલોને મનોરંજન પુરુ પાડે છે. અહીં ગેમોની વિશાળ શ્રેણી ઉપલબ્ધ છે. ૩૬૦ ડીગ્રી ક્રિકેટ સ્ટિમ્યુલેટર કે જ્યાં તમે સ્ટેડિયમની અંદર હોય તેવા માહોલમાં પોતે ક્રિકેટના ખેલાડી હોય તેવો અહેસાસ કરાવે છે. રેસ માટે સજ્જ થાવ અને અદભૂત ટ્રેક્સની આસપાસ તમે ડ્રાઈવની મજા માણી શકો છો. રેસિંગ અને રીયાલિટી વચ્ચેની રેખાને દૂર કરતી મજાનો આનંદ અહીં ઉઠાવી શકો છો.

સલામત અને નિયંત્રિત માહોલમાં કુટુંબના દરેક વ્યક્તિને અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે મજા માણી શકશે. પેક મેન, એર હોકી અને પેનલ્ટી શોટ સહિતની તમામ રમતોમાં રચ્યાપચ્યા રહેવાનો આનંદ જ કંઈક અલગ આવે છે. અને જો તમને પરંપરાગત રમતોમાં વધુ રસ હોય તો સુપર બાઈક્સ અને ફ્રુટ નિન્જા જેવી રમતો તમને અહી મળી શકે છે. (૧-૭)

'ગ્રામ્ય વિસ્તારના ગામતળ બહારના પાણી પુરવઠા માટેના વીજ જોડાણોને ૨૪ કલાક વીજ પુરવઠો આપવામાં આવશે' - ચીમનભાઈ સાપરીયા

રાજયના પ્રગતિશીલ અને પ્રજાલક્ષી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળ રાજય સરકારે અનેક પ્રજાલક્ષી નિર્ણયો કર્યા છે. રાજય સરકારે વધુ એક પ્રજાલક્ષી નિર્ણય લઇને ગ્રામ્ય વિસ્તારના ગામતળ બહારના પાણી પુરવઠા માટેના વીજ જોડાણોને ૨૪ કલાક વીજ પુરવઠો આપવાનું નકકી કર્યુ છે.

આ અંગે વધુ વિગતો આપતાં ઉર્જા મંત્રી શ્રી ચીમનભાઇ સાપરિયાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં ઘણી વાર ગામના વારિગૃહમાં પાણીનો પૂરતો પુરવઠો ન મળવાને કારણે કે બોર નિષ્ફળ જવાને કારણે ગામથી નજીક આવેલા ખેતીવાડી વિસ્તારમાં ગ્રામ પંચાયત કે પાણી પુરવઠા વિભાગ દ્વારા વારિગૃહના વીજ જોડાણની માંગણી કરવામાં આવે ત્યારે અગાઉ આવા વીજ જોડાણોને ખેતીવાડી ફીડર પરથી વીજ પુરવઠો આપવામાં આવતો હતો. ખેતીવાડી ફીડર પરથી ૮ કલાક થ્રી ફેઇઝ વીજ પુરવઠો મળતો હોઇ તેમજ વીજ પુરવઠાનો સમય પણ એક અઠવાડિયું દિવસ દરમિયાન અને એક અઠવાડિયું રાત્રિ દરમિયાન મળતો હોઇ પીવાનું પાણી પૂરું પાડવામાં સમસ્યા રહેતી હતી. આવા વીજ જોડાણોને જયોતિગ્રામ ફીડર પરથી ૨૪ કલાક વીજ પુરવઠો આપવા માટે લોક પ્રતિનિધિઓ તેમજ ગામના સરપંચશ્રીઓની માંગણી હતી.

વ્હિસલિંગ વૂડ્સ ઈન્ટરનેશનલ દ્વારા ડિઝાઈન સ્કૂલ,જૂલાઈ ૨૦૧૭ માટેની પ્રવેશ પ્રક્રિયાની મુદત લંબાવાઈ

ડબ્લ્યુડબ્લ્યુઆઈ દ્વારા ડિઝાઈન ક્ષેત્રમાં રૂચિ ધરાવતા અને પોતાનું કરિઅર બનાવવા માંગતા યુવાનો માટે એડમિશન માટેની મુદત લંબાવવામાં આવી છે. આ માટેના ડિગ્રી અને ડિપ્લોમા કોર્સને ધ ટાટા ઈન્સિટ્યુટ ઓફ સોશિઅલ સાયન્સિસની માન્યતા પ્રાપ્ત છે.

ફુલ- ટાઈમ પ્રોગ્રામ્સ ગોરેગાંવ પૂર્વ, મુંબઈ ખાતે ફિલ્મસિટી કોમ્પ્લેક્ષમાં સ્થિત ડબ્લ્યુડબ્લ્યુઆઈના કેમ્પસમાં ઓફર કરાશે. આ માટેના વર્ગો જૂલાઈ, ૨૦૧૭થી શરૂ થશે.

આ કોર્ષ માટે ૨૧મી જૂન- બુધવારે પ્રવેશ પરીક્ષા લેવાશે. તેમાં પસંદ કરાયેલા ઉમેદવારોની યાદી ૨૩મી જૂન- શુક્રવારના રોજ જાહેર કરાશે અને આ પસંદિત ઉમેદવારો માટે પ્રવેશ મેળવવાની અંતિમ તારીખ ૩૦મી જૂન- શુક્રવાર છે.

પ્રવેશ માટેની ઓનલાઈન એપ્લિકેશન લિંક https://www.docsalerts.com/TISS_WWI_APPLICATION_2017/login.aspx

રજિસ્ટ્રેશન કરાવવા માટે વિધ્યાર્થીઓ www.whistlingwoods.net પર લોગ ઓન કરી શકે છે, ઉપરાંત admissions@whistlingwoods.net પર ઈ-મેઈલ અથવા ૦૮૪૫૧૮૦૩૮૫૧/૫૨/ ૦૨૨ ૩૦૯૧૬૦૭૦ પર કોલ કરી શકે છે. (૧૯-૮)

જોશટોક અને ફેસબુક દ્વારા અમદાવાદ ખાતે જોશટોકનું આયોજન કરવામાં આવ્યું

અમદાવાદ, ૧૮મી જૂન ના રોજ ફેસબુક અને જોશટોક સાથે મળી ને હોટેલ પ્રાઈડ ખાતે કરવામાં આવ્યું હતું.આ એક દિવસ ની કોન્ફરન્સ માં દરેક પ્રકાર નો વિષયો ને આવરી ભારત વિશે ની વ્યાપક વાતો કરવામાં આવી અને એવા લોકો જેમણે દેશ માટે અને સમાજ માટે કંઈક સારુ કર્યું છે તે લોકો એ પોતાની વાતો વાર્તા થકી લોકો ને જણાવી.ફેસબુક ના ઈકોનોમિક ગ્રોથ ઈનીશીયેટીવ ના હેડ રજત અરોરા દ્વારા આ કોન્ફરન્સ ની શરૂઆત કરવામાં આવી હતી અને તેમણે જણાવ્યું કે ફેસબુક એન્ટ્રરપ્રિન્યોરશીપ ની આસપાસ નોકરી ની સમસ્યા નો ઉકોલ કરવા માંગે છે.

જોશટોક ના કો-ફાઉન્ડર સુપ્રિયા પૌલે જણાવ્યું કે "જોશટોક નું મુખ્ય ઉદ્દેશ્ય વાર્તા ના માધ્યમ થી નવા વિચારો,નવી વાર્તાઓ અને નવી તકો વિશે લોકો ને માહિતગાર કરવાનું છે અને તેજ હેતું થી ટાયર ૨ અને ૩ શહેરો માં આ શો યોજાશે. જોશટોક અમદાવાદ એ ગુજરાત ની જનતા ને એકસાથે લાવ્વા અને તેમને બતાવ્વા કે આજે દુનિયા શું થઇ રહ્યું છે તે માટે નું એક પગલું છે."

અરૂણા ચંદ્રશેખર જે ભારત માં એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ ખાતે વરિશ્ઠ સંશોધક છે જે માનવ અધિકારો પર વ્યાપાર ની અસરો પર કાર્ય કરી રહ્યા છે.તેમણે માનવ અધિકારો વિશે વાતપો કરી અને આજના યુવાનો ને સંશોધન અને માનવ અધિકારો પર વ્યાપાર ની અસરો વિશે માહિતગાર કર્યાં. (૧૩-૯)

સરકારી કચેરી પરિસર અને તેની ૧૦૦ મીટર ત્રિજ્યાવિસ્તા રમાં સભા સરઘસબંધી અને ધરણાં કરવા પર પ્રતિબંધ

વલસાડઃ વલસાડના કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેયટશ્રી સી.આર.ખરસાણે વલસાડ જિલ્લામમાં પરવાનગી વગર સભા સરઘસબંધી અને ધરણાં કરવા પર પ્રતિબંધના બે અલગઅલગ જાહેરનામા બહાર પાડયા છે. તે મુજબ જિલ્લાના જાહેર સ્થગળોએ સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/ તાલુકા સેવાસદનમાં પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઇ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યડવસ્થાલની પરિસ્થિતતિ જળવાઇ રહે તે હેતુસર જિલ્લા સેવા સદન, વલસાડ, તથા જિલ્લાઅના તમામ તાલુકા સેવા સદનની બહાર કે જિલ્લાત/તાલુકા સેવા સદનના પરિસરમાં કોઇ મંડળી બનાવી રેલી, સરઘસ કે રેલી સ્વ રૂપે આવેદનપત્ર આપવા ઉપર અને સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યાઘ સિવાય, અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કરતા વધુ વ્ય કિતઓને એકી સાથે કોઇપણ જગ્યાયએ ભેગા થવા, કોઇ મંડળી બનાવી રેલી, સરઘસ, દેખાવો કરવા/કાઢવા કે રેલી સ્વકરૂપે એકઠા થઇને આવેદનપત્ર આપવા મનાઇ ફરમાવી છે. આ ઉપરાંત વલસાડ જિલ્લા સેવાસદન તથા જિલ્લાએના તમામ તાલુકા સેવા સદનની બહાર કે જિલ્લા /તાલુકા સેવા સદનના પરિસર થી ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્ત્રામાં તાત્કારલિક અસરથી તા.૨૯મી જૂન, ૨૦૧૭ સુધી અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે કોઇપણ વ્યથકિતઓ/વ્યજકિતઓને એકી સાથે કોઇપણ જગ્યાધકધએ ભેગા થઇને કોઇ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હળતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા માટે મનાઇ ફરમાવી છે.

સ્પાઈકર લાઈફસ્ટાઈલે એન્ડ ઓફ સિઝન સેલની ઘોષણા કરી

spykar
FREEDOM
TO BE OUT OF THE BOX

સ્પાઈકર દ્વારા ૫૦ ટકા સુધી છૂટની ઘોષણા કરવાની સાથે જ વર્ષની સૌથી આકર્ષક સિઝન આવી ગઇ છે. આ ઓફર્સ સ્પાઈકરના દરેક એક્સક્લૂઝિવ આઉટલેટમાં ઉપલબ્ધ હશે.

ભારતમાં સૌથી મોટી ફેશન ડેનિમ બ્રાન્ડ એક રોમાંચક કિંમતમાં પોતાના 'યન્ગ એન રેસ્ટલેસ' કલકશનની રજૂઆત કરીને તમે તમારા વૉર્ડરોબને સંપૂર્ણ રીતે બદલવા માટે તૈયાર છો.

સ્પાઈકર દરેક ચીજો માટે ઉપસ્થિત પેઢીના જૂનુનની ઉજવણી કરે છે, જે નિરંતર બદલી રહ્યું છે, જે નિરંતર બદલી રહ્યા છે. યન્ગ-એન-રેસ્ટલેસ ડેનિમ કલેક્શનમાં ઈન્ડિવિઝ્યુલિટી, આઈડેન્ટિટી અને ફ્રીડમને એક્સપ્લોર કરવામાં આવી છે અને આ યુવાનોના જોશનું સેલિબ્રેશન કરે છે. આ કલેક્શનમાં ઈનોવેટિવ વૉશેઝ તથા યૂનિક ફિટ્સમાં પ્રીમિયમ ફેબ્રિક્સ સામેલ છે. આ દ્વારા ક્વૉલિટી પર ભાર આપવામાં આવ્યો છે અને દરેક ચીજ પર વિસ્તારથી ધ્યન આપવામાં આવ્યું છે. ડેનિમથી તમારા વૉર્ડરોબને એક સુપરકૂલ, ટ્રેન્ડી તથા શ્રેણીમાં સર્વશ્રેષ્ઠ અહેસાસ પ્રાપ્ત થાય છે.

જલ્દી કરો અને તમારા નજીકના સ્પાઈકર સ્ટોર જાઓ. દરેક ફેશન પ્રેમિઓ માટે સ્ટોરમાં અનેક આકર્ષક ઓફર્સ ઉપસ્થિત છે. (www.spykar.com/stores)

સ્પાઈકર લૉયલ્ટી પ્રોગ્રામ એક્ટિવક્લબનો હિસ્સો બને અને વિશેષ ઓફર્સ પ્રાપ્ત કરો. તમારે બસ ૯૯૨૦૯૦૫૯૦૫ પર એક મિસ કૉલ આપવાનો છે. (૧૯-૧૦)

અમદાવાદના છોકરાએ ઓફ રોડ એડવેન્ચર્સ માટે પરફેક્ટ ઈ- બાઈક્સ બનાવી

LIGHTSPEED

અમદાવાદ સ્થિત, લાઈટસ્પીડ મોબિલિટી તમારા માટે ઈલેક્ટ્રીક બાઈક્સ લઈ આવ્યું છે જે પેડલ આસિસ્ટ છે અને અન્ય ફિચર્સની આખી રેન્જ તે ધરાવે છે. તે હાલ લાઈટસ્પીડ જીએલવાયડી અને લાઈટસ્પીડ ડીઆરવાયએફટી એમ બે વેરિએન્ટમાં ઉપલબ્ધ છે. જીએલવાયડી કોઈ પણ શહેરી કમ્પ્યુટર્સનું ડ્રીમ બનશે કેમકે રોજિંદા શહેરી ટ્રાફિકમાં અટવાવાથી તે બચાવે છે. જયારે ડીઆરવાયએફટી એ એડવેન્ચર ઈચ્છતા લોકો માટે છે.

મોબિલિટી પ્રા. લિ. કુશળતા પૂર્વક ડિઝાઈન થયેલ ઈ-બાઈક્સ વિવિધ ફિચર્સ સાથે બાઈકર્સના તમામ પ્રોબ્લેમ દૂર કરે છે. આ ઈ-બાઈક્સ હાલમાં ક્રાઉડફંડ ફઅયુલએડ્રીમડોટકોમ પર મેળવે છઅે જે એક ફંડ રેઈજ કરવા માટે નું પ્લેટફાર્મ છે જયાં વિચારો અને ઈનોવેશન ને પ્રોત્સાહન અપાય છે.

લાઈટસ્પીડ કેમ્પેનનો શરૂઆત નું લક્ષ્ય રૂ.૧૫૦૦૦૦૦નો છે અને કેમ્પેનમાં અત્યાર શુધી માં રૂ. ૧૦ લાખ ૨૦ દિવસમા પ્રોઓર્ડર્સ તરીકે મેળવ્યા છે. જીએલવાયડી રૂ. ૨૭૯૯૯ અને ડીાર વાયએફટી રૂ. ૩૭૯૯૯માં ઉપલબ્ધ છે. અગાઉ અર્લીફઁડર્સ માટે તે ક્રમશઃ રૂ. ૨૪૯૯૯ અને રૂ. ૩૪૯૯૯માં ઉપલબ્ધ હતી. (૪-૫)

પ્રતિકાત્મક કબ્જા નોટીસ

ICICI Bank
ICICI Bank Limited
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર, ચકલી સર્કલ પાસે, જુના પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૦૭, ગુજરાત.
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ - ૪૦૦૦૫૧.

આથી સિક્યુરાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટ એન્ડ ઇનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ઇન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.
કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો પ્રતિકાત્મક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદારનું નામ / લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત / પ્રતિકાત્મક કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
1.	મિથુન વિનોદ સોની / વિનોદ પરશોત્તમ સોની LBVPI0000210107	ફ્લેટ નં.એ ૪૦૭, ૪થો માળ, સાઈ સિધ્ધી ૨, રમઝાન વાડી છરવાડા રોડ, મિત્સુ કોલોની, પ્લોટ નં. ૧૫ ૧૮ ૧૯ અને ૧૬૨૭/૧/પીર૮/૧૧/પી, વાપી-૩૯૬૧૯૧ / ૧૪ જુન, ૨૦૧૭	૩૦ નવેમ્બર, ૨૦૧૬ રૂા. ૭,૪૪,૫૫૫.૦૦/-	વાપી
2.	અશોક ચક્રધર નાયક / ચૈતાલી અશોક નાયક / રંજન કુમાર સિંઘ LBVPI00001550124	ફ્લેટ નં. ૧૦૧, ૧લો માળ, શિવકૃપા એપાર્ટ. બિલ્ડિંગ ઈ-૫, પ્લોટ-૭૭, એસવાય નં.૫૧/૧/૪, ગામ-આમલી, કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી, સિલ્વાસા-૩૯૬૨૩૦ / ૧૪ જુન, ૨૦૧૭	૧૬ ફેબ્રુ., ૨૦૧૬ રૂા. ૩,૨૯,૭૩૩.૦૦/-	વાપી

ઉપર જણાવેલા કરજદાર(રો)/-જામીનદાર(રો)અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (ઇન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૨૦ જુન, ૨૦૧૭
સ્થળ : વાપી

સહી/- ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

સૂચના
કૃપા કરી આપની જાહેરખબર
તથા સમાચાર અમારા
નિમ્નલિખિત
ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com